## અગ્રતા – ૧૩

**પ્રશ્ન–૧ : અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં તાલુકા વાર મંજુર પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસો કેટલા છે ? તેમજ તેની અધતન સ્થિતી શું છે ?**

**જવાબ:–**

**માન.અધ્યક્ષશ્રી ..**

અરવલ્લી જીલ્લામાં કુલ ૪૮ મંજુર પંચાયતઘરો પૈકી ધનસુરા તાલુકામાં ૦૨, બાયડ તાલુકામાં ૦૮, ભિલોડા તાલુકામાં ૧૭, માલપુર તાલુકામાં  ૦૬, મેઘરજ તાલુકામાં ૦૮ અને મોડાસા તાલુકામાં ૦૭ પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ મંજુર કરવામાં આવ્યા છે.

**માન.અધ્યક્ષશ્રી** મંજુર થયેલ પંચાયત ઘરોની અધતન સ્થિતી અંગે જણાવુ તો..

૪૮ પંચાયતઘરો નોન યુઝ જાહેર કરવામાં આવેલ છે. તેમજ મંજુર પંચાયત ઘરો પૈકી ૧ પંચાયત ઘર પુર્ણ થયેલ છે. તેમજ ૦૩ પંચાયત ઘર શરૂ કરવામાં આવનાર છે તથા પ્લીન્થ લેવલે ૩૨, લીન્ટલ લેવલે ૦૩, રૂફ લેવલે ૦૯ પંચાયત ઘરો છે.

**માન.અધ્યક્ષશ્રી ..**

સાબરકાંઠા જીલ્લામાં અંગે જણાવુ તો કુલ ૮૦ પંચાયતઘરો પૈકી હિંમતનગર તાલુકામાં ૦૭, ઈડર તાલુકામાં ૧૯, ખેડબ્રહમા તાલુકામાં ૧૬, પોશીના તાલુકામાં ૦૯, પ્રાંતિજ તાલુકામાં ૦૯, તલોદ

તાલુકામાં ૧૧, વડાલી તાલુકામાં ૦૨, વિજયનગર તાલુકામાં ૦૭ પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ મંજુર કરવામાં આવ્યા છે.

**માન.અધ્યક્ષશ્રી** મંજુર થયેલ પંચાયત ઘરોની અધતન સ્થિતી અંગે જણાવુ તો...

૮૦ પંચાયતઘરો નોન યુઝ જાહેર કરવામાં આવેલ છે. તેમજ મંજુર પંચાયત ઘરો પૈકી ૨ પંચાયત ઘરો પુર્ણ થયેલ છે. તેમજ ૧૭ પંચાયત ઘર શરૂ કરવામાં આવનાર છે તથા પાયા લેવલે ૧૯, પ્લીન્થ લેવલે ૧૦, લીન્ટલ લેવલે ૧૦, રૂફ લેવલે ૧૧, ફીનીશીંગ લેવલે ૧૧ પંચાયત ઘરો છે.

## અગ્રતા – ૧૩

**પ્રશ્ન–૨ : પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ બનાવવા માટેની યોજનાનું ભંડોળ કેવી રીતે ઉપલબ્ધ છે ? તેમજ તેમાં કેટલું અનુદાન આપવામાં આવે છે ?**

**જવાબ:–**

**માન. અધ્યક્ષશ્રી .....** ગ્રામ પંચાયતો પંચાયતી રાજ પધ્ધતિનો પાયાનો આધાર સ્તંભ છે. ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયતો ગ્રામ સચિવાલય ગણાય છે. ગ્રામ પંચાયતોની વહીવટી કામગીરી પંચાયત ઘરમાં બેસીને કરવાની હોવાથી ગ્રામ્ય કક્ષાએ સારી સુવિધાઓ પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ મળી રહે તેવી સ્થાનીક લોકોને પંચાયતને લગતા કામો અને સેવાઓ સારી અને સરળતાથી મળે તે યોજનાનો હેતુ છે.

જેમાં :–

(૧) પંચાયતઘર વિહોણી ગ્રામ પંચાયત

(૨) રીપેરીંગ ન થઈ શકે તેવા ૨૫ વર્ષ કે તેથી વધુ જુના જર્જરીત પંચાયતઘર બનાવવાનો યોજનાનો ઉદેશ છે.

**માન. અધ્યક્ષશ્રી** સદરહું યોજના સી.ડી.પી.–પમાં ૧૦૦ ટકા રાજય સરકારનો હિસ્સો છે.

**માન.અધ્યક્ષશ્રી અનુદાનની વિગત અંગે જણાવું તો...**

- અઘતન ઠરાવ મુજબ ૧૦૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત માટે રૂ.૨૭/- લાખ ગ્રામ પંચાયત દીઠ તેમજ
- ૫૦૦૦ થી ૧૦૦૦૦ સુધીની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત માટે રૂ.૨૨/- લાખ ગ્રામ પંચાયત દીઠ તેમજ
- ૫૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત માટે રૂ.૧૭/- લાખ ગ્રામ પંચાયત દીઠ અનુદાનની જોગવાઇ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં નવીન પંચાયત ઘર બનાવવા માટે સી.ડી.પી.-૫ યોજના અંતર્ગત રૂ.૫૯.૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી.